**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬**
**આંક –૧૪૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 15 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | અક્ષયકુમાર શરદભાઈ પ્રજાપતિ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9173036001 |
| ઉંમર આશરે | ૩૧ | વરસની | ધંધો | ખાનગી નોકરી |
| રહેવાનુ | જરચોક પાટણ, તા. પાટણ | | ડીસ્ટ્રીકટ | પાટણ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હું મેડીકલ કોલેજ ધારપુર ખાતે ડી.બી.એન્ટપ્રાઈઝમાં નોકરી કરતો હતો અને તે સમયે મને પોલીસે તૈયાર પંચનામામાં મારી સહી લીધેલી. પંચનામાની વિગતે હું કશુ જાણતો નથી. બીજા પંચ કોણ હતા તેની મને ખબર નથી.

મને માર્કઃ૨૬/૧૦વાળું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંકઃ૧૪૫** આપવામાં આવે છે.

મારી હાજરીમાં પાટણ ધારપુર મેડીકલ કોલેજના મુખ્ય ગેટ ઉપર સી.સી.ટી.વી. કેમેરાનું પંચનામુ થયેલુ હોય તેવું બનેલ નથી.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન**

સાહેદની સહી............................

**આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૧૯/૮/૨૦૧૬ના રોજ ડીસાના આસેડા ગામે કોઈ અજાણ્યા ઈસમનું અપહરણ થયેલ હોય, જે અંગેનું પંચનામુ ધારપુર મેડીકલ કોલેજના મુખ્ય ગેટ ઉપર કેમેરો આવેલ, તે કેમેરાના ગેટના બહારના ભાગેથી કવરેજ કરેલ, મેઈન ગેટના અંદરના ભાગે આવેલ ઓરડીમાં એન.વી.આર. રાખેલ, જેની તપાસ કરતા તા.૧૯/૮/૨૦૧૬ના રોજ સાંજના કલાક ૧૬:૪૧:૨૧ એક સેન્ટ્રો કાર ગોલ્ડન કલરની અંદરના ભાગે મેઈન ગેટથી જાય છે, જેમાં આગળનો ઈસમ પોતાનો જમણો હાથ દરવાજા ઉપર વાળી રાખેલ છે અને ગાડીના પાછળના ભાગે નંબર ઉપર જી.જે.૦૨ આર ૯૧૫૩ લખેલુ હતું. જે કેમેરો આખા રોડને કવર કરતો હતો, સદર કેમેરાનું સી.સી.ટી.વી.ફુટેજ એક ડી.વી.ડી.માં સ્ટોર કરી, ડી.વી.ડી.માં એક ફોલ્ડર બનાવી, મારી હાજરીમાં કબજે કરેલ. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૧,૩,૪ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.જી.તિવારી..</u>**

(૩) એ વાત ખરી છે કે ડોકટર રાજેશ મહેતા ધારપુર મેડીલક કોલેજમાં નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે હું ડોકટર રાજેભાઈને સારી રીતે ઓળખતો હતો. એ વાત ખરી છે કે અમારી મેડીકલ કોલેજમાં નોકરી કરતા ડોકટર રાજેશ મહેતાનો

સાહેદની સહી............................

કેશ હોય જેથી પંચમાં રહેવા તૈયાર થઈ મે પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે આ સહી કરી તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા. એ વાત ખરી છે કે પંચનામામાં શુ લખેલ હતુ તે મે વાંચેલુ નથી અને પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. એ વાત ખરી છે કે મે કહેવાતા પંચનામામાં સહી કરી તે વખતે હું પંચ તરીકે એકલો હાજર હતો અને બીજા કોઈ તે વખતે ત્યાં હાજર ન હતા.

**આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..એ.એસ.ચાવડા..**

**ઉપરની ઉલટતપાસ એડોપ્ટ કરેલી છે.**

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૭/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................